*This Question Paper contains 7 printed pages.*

Seat No.: | | | | | | | |

Sl. No. : 100382

# 068(G)

**(March, 2022)**

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 100***

સૂચનાઓ :

1) આ પ્રશ્નપત્રમાં કુલ 66 પ્રશ્નો છે.

2) બધા પ્રશ્નો ફરજિયાત છે. વિકલ્પો આંતરિક છે.

3) પ્રશ્નોની સૂચના પ્રમાણે જવાબ લખવા.

## વિભાગ - A

■ **નીચે આપેલા 1 થી 15 હેતુલક્ષી પ્રશ્નોના ગુણ સરખા છે. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ (A, B, C, D) પસંદ કરીને લખો. દરેકનો 1 ગુણ છે.** **[15]**

1) પાંડુરોગ કયા પોષકતત્ત્વની ખામીથી થાય છે ?

(A) કેલ્શીયમ

(B) થાયામીન

(C) પોટેશ્યમ

(D) લોહતત્ત્વ

2) આયોડિનની ખામીથી કયો રોગ થાય છે ?

(A) ગોઇટર

(B) બેરીબેરી

(C) પાંડુરોગ

(D) પાયરિયા

3) વિટામીન સી ની ખામીથી કયો રોગ થાય છે ?

(A) ગોઇટર

(B) બેરીબેરી

(C) સ્કર્વી

(D) મેરેસમસ

4) કોલેરાના જીવાણુંનું નામ આપો.

(A) પ્રોટોજોઆ

(B) એનોફિલિસ

(C) સ્કર્વી

(D) વિબ્રીયો

5) શ્વાસના રોગમાં કયો વાયુ મળતો નથી ?

(A) નાઈટ્રોજન

(B) સલ્ફર

(C) ઓક્સીજન

(D) કાર્બન ડાયોકસાઈડ

6) આથવણની પ્રક્રિયામાં કયું વિટામીન વધુ વધે છે ?

(A) થાયામીન

(B) રીબોફ્લેવીન

(C) નાયાસીન

(D) પાયરોડીક્સીન

7) સંકલિત બાળ વિકાસ યોજના કઈ સાલમાં શરૂ થઈ ?

(A) 1976-78

(B) 1965-70

(C) 1975-76

(D) 1975-70

8) શિશુઓને કેટલા ગ્રામ પ્રોટીન આપવું જોઈએ ?

(A) 5 થી 10 ગ્રામ

(B) 8 થી 10 ગ્રામ

(C) 11 થી 15 ગ્રામ

(D) 16 થી 20 ગ્રામ

9) પ્રેશર કુકર કયા સિદ્ધાંત દ્વારા ચાલે છે ?

(A) વેક્યુમથી

(B) ઉકાળવાથી

(C) વરાળથી

(D) પાણીમાં બાફવું

10) સૂર્યકુકર વાપરીએ તો કેટલા કિલોગ્રામ લાકડાની બચત થાય છે ?

(A) 560 ગ્રામ

(B) 570 ગ્રામ

(C) 550 ગ્રામ

(D) 580 ગ્રામ

11) આંતરમુખી વ્યક્તિત્વ કેવું હોય છે ?

(A) એકાંતપ્રિય

(B) મુક્ત

(C) મસ્ત

(D) તોફાની

12) ડબ્લ્યુ. એચ. ઓ. (WHO) નું મુખ્ય કાર્ય કયું ?

(A) માતાનું આરોગ્ય

(B) વિશ્વ આરોગ્ય

(C) બાળ આરોગ્ય

(D) સ્ત્રી આરોગ્ય

13) 16 થી 24 મહિનાની અંદર કઈ રસી આપવામાં આવે છે ?

(A) ડી.પી.ટી.

(B) પી.ટી.ટી.

(C) પોલીયો

(D) ડી.ટી.

14) હડકવાની રસીનું નામ આપો.

(A) રબીપુર

(B) મણીપુર

(C) બબીપુર

(D) મમીપુર

15) જૂથની વ્યાખ્યા કયા સમાજશાસ્ત્રીએ આપી છે ?

(A) યંગ અને મેક

(B) કાલમાર્કસ

(C) મેક્સવેબર

(D) હર્બટ સ્પેન્સર

## વિભાગ - B

■ **નીચે આપેલા 16 થી 30 પ્રશ્નોના ગુણ સરખા છે. જેના ઉત્તર એક વાક્યમાં લખો. દરેકનો 1 ગુણ છે.** **[15]**

16) છૂટાછેડા લેવાનું કોઈપણ એક કારણ જણાવો.

17) આઈ.એસ.આઈ (I.S.I) માર્કો કઈ સાલમાં આવ્યો ?

18) વિટામીન સી ની ખામીથી જોવા મળતા લક્ષણો જણાવો.

19) વિટામીન સી વધારેમાં વધારે કયા ફળમાંથી મળે છે ?

20) પપૈયામાં કયું પોષકતત્ત્વ વધારે રહેલું હોય છે ?

21) ભૂંજવાની પદ્ધતિ વિશે લખો.

22) વિનેગરને બીજા કયા નામે ઓળખવામાં આવે છે ?

23) પરિરક્ષણ એટલે શું ?

24) પોષણની વ્યાખ્યા આપો.

25) સુક્તાન રોગ કયા બાળકોમાં વધુ જોવા મળે છે ?

26) પ્રોટીન અને કેલરીની ખામીથી કયો રોગ થાય છે ?

27) પાંડુરોગમાં લોહતત્ત્વ સિવાય કયા કયા પોષકતત્વોની ખામી જોવા મળે છે ?

28) બેરીબેરીના એક લક્ષણ વિશે જણાવો.

29) વધુ પડતું પ્રોટીન લેવાથી કયો રોગ થાય છે ?

30) મરડો થવાના મુખ્ય કારણોમાંથી એક કારણ જણાવો.

## વિભાગ - C

■ **નીચે આપેલા કુલ 31 થી 50 પ્રશ્નોમાંથી કોઈપણ 15 પ્રશ્નોના જવાબ ટૂંકમાં આપો. દરેક પ્રશ્નના 2 ગુણ છે.** **[30]**

31) પોષણ અને સ્વાસ્થ્યનો આંતરસંબંધ જણાવો.

32) આહાર એટલે શું ?

33) પોષણ ક્રિયાનો અર્થ સમજાવો.

34) આહારના મુખ્ય કાર્યો જણાવો.

35) તાવના પ્રકારના નામ જણાવો.

36) રોગોમાં અપાતા આહારના પ્રકારો જણાવો.

37) પાયરીયાના લક્ષણો જણાવો.

38) મેલેરીયાના કોઈપણ બે લક્ષણો જણાવો.

39) ગ્રીલ પદ્ધતિ એટલે શું ?

40) રાંધવાના હેતુઓ જણાવો.

41) રાંધવાથી થતી પોષણ પરની કોઈપણ બે અસરો જણાવો.

42) રસીકરણ એટલે શું ?

43) ગોઈટર એટલે શું ?

44) અનૌપચારિક શિક્ષણ એટલે શું ?

45) રાષ્ટ્રીય પાંડુરોગ ઉપર નિયંત્રણ કેવી રીતે લાવી શકાય છે ?

46) આવક એટલે શું ?

47) અંદાજપત્રક બનાવતી વખતે મુખ્ય કઈ બાબતો ધ્યાનમાં રાખશો ?

48) સીધી આવક કોને કહેવામાં આવે છે ?

49) પોસ્ટ ખાતાની બચતને કઈ બચત તરીકે ઓળખવામાં આવે છે ?

50) ક્ષય રોગ કેવી રીતે ફેલાય છે ?

## વિભાગ - D

■ **કોઈપણ બાર પ્રશ્નોમાંથી દસ પ્રશ્નોના જવાબ આપો. (ચારથી પાંચ લીટી) 51 થી 62 પ્રશ્નો આપેલ છે. દરેક પ્રશ્નના 3 ગુણ છે.** **[30]**

51) સમસ્યા એટલે શું ?

52) બાળકોમાં કઈ - કઈ કુટેવો હોય છે ?

53) ત્રિગુણી રસી આપવાથી બાળકને કયા રોગ સામે રક્ષણ મળે છે ? શા માટે આપવી જરૂરી છે ?

54) ઘરની હવા-ઉજાસની અવર-જવરના માર્ગો જણાવો.

55) સામાજીક સંબંધો એટલે શું ?

56) માનસિક રોગોના પ્રકાર જણાવો.

57) દર્દીને સ્પંજ કરવાની રીત જણાવો.

58) ધ્યાન એટલે શું ?

59) દહેજ પ્રતિબંધક ધારો કોને કહેવાય છે ?

60) ગ્રાહક સુરક્ષા મંડળના કાર્યો જણાવો.

61) કરકસર કરવાની પધ્ધતિ વિશે જણાવો.

62) માનસિક રોગોના લક્ષણો જણાવો.

## વિભાગ - E

■ **નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈપણ બે પ્રશ્નોના માંગ્યા મુજબ જવાબ લખો. દરેકના 5 ગુણ છે.** **[10]**

63) ગૃહવિજ્ઞાન શિક્ષણનું વ્યક્તિત્વ વિકાસનાં યોગદાન જણાવો.

64) આર્થિક વિકાસમાં ગૃહવિજ્ઞાન કઈ રીતે ઉપયોગી છે ?

65) શિક્ષણ ક્ષેત્રે ગૃહ વિજ્ઞાનનું મહત્ત્વ જણાવો.

66) ડાયટિશયન એટલે શું ? તેની કામગીરી વિશે લખો.

◆◆◆